SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 55. ઉત્તર ગુજરાતના શિલ્પ-સ્થાપત્યો વિશેના ગ્રંથો-એક અભ્યાસ

વિધિ પટેલ

ગુજરાતની ધરતીને કુદરતે પણ છૂટે હાથે પ્રાકૃતિક સૌંદર્ય બક્ષ્યું છે. આપણે જાણીએ છીએ કે ગુજરાત રાજ્ય ઉત્તમ પ્રકારનો ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસો ધરાવે છે. જેના મૂળમાં અનેક જાતિઓ, જ્ઞાતિઓ, મેળાઓ, ઉજવણીઓ, નૃત્યો, તહેવારો, સ્થાપત્યો,શિલ્પો, વિવિધ ધર્મો તેનાં સ્મારકો, મંદિરો, ભૂગોળીય વારસો, પર્વતો, નદીઓ, જંગલો, અભ્યારણો અને વિશાળ દરિયાકાંઠો એમ અનેક વિરાસતોનો ઉજળો વારસો લઈને ગુજરાત ધબકી રહ્યું છે. તેમાં ગુજરાતનો સાહિત્યિક અને કળાકીય વારસો પણ વિશ્વને અનેક બાબતોમાં દિશાસૂચન કરતો રહ્યો છે. જેમાં ગુજરાતના વિશિષ્ટ ભૂભાગ એવા દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર ને ઉત્તર ગુજરાત છે. એમ આ પ્રદેશભેદે લોકસાહિત્યિક વિરાસતનો પણ વિસ્તાર છે. દરેક પ્રદેશના લોકસાહિત્યની એક પોતીકી ઓળખ છે પરંતુ હું વાત કરીશ ઉત્તર ગુજરાતના લોક સાહિત્ય અને લોક સંસ્કૃતિની.

ઉત્તર ગુજરાતના પૂર્વમાં સાબરકાંઠા, તેની ઉત્તરે રાજસ્થાનનો મારવાડ દેશ, પશ્ચિમે પાકિસ્તાન અને દક્ષિણે અડાલજ, અમદાવાદનો સીમાવિસ્તાર ધરાવે છે તો બીજી રીતે જોઈએ તો પશ્ચિમે પાટણ જિલ્લાનાં સાંતલપુરથી લઈને પૂર્વમાં સાબરકાંઠાનાં શામળાજી, ધનસુરા, મોડાસા અને ઉત્તરે રાજસ્થાનનો મારવાડ પ્રદેશ અને દક્ષિણે મહેસાણા જિલ્લાનાં બહુચરાજી, કડી અને ગાંધીનગરનો વિસ્તાર કે જેમાં મહેસાણા, હિંમતનગર, સિધ્ધપુર, પાલનપુર, ગાંધીનગર જેવા શહેરો આવેલા છે. ઉત્તર ગુજરાતમાં શામળાજીનાં પ્રખ્યાત વૈષ્ણવ તીર્થો તેમજ અંબાજી અને બહુચરાજી જેવી શક્તિપીઠ આવેલી છે. તે ઉપરાંત શિલ્પ સ્થાપત્યની વાત કરીએ તો મોઢેરાનું વિશ્વ પ્રસિદ્ધ સૂર્યમંદિર, વિશ્વ ઐતિહાસિક વારસામાં સ્થાન પામેલી પાટણની રાણકીવાવ, સિદ્ધપુરનો રુદ્રમહાલય, વડનગરનું કીર્તિતોરણ, કુભારિયા અને દેલવાડાનાં દેરા, તારંગાનાં રમ્ય પર્વતો અને જૈન દેરાસર, વાવ તાલુકામાં પાકિસ્તાન બોર્ડર ઉપર આવેલું નડેશ્વરી માતાજીનું મંદિર, વરાણાનું ખોડિયાર મંદિર અને તેનો પંદર દિવસનો લોકમેળો અને સિદ્ધપુરનો કાત્યોકનો મેળો અને વિશ્વનું એકમાત્ર માતૃશ્રાદ્ધ અને તર્પણ તીર્થ એવું સિદ્ધપુરનું બિંદુસરોવર, ખેડબ્રહ્મા અને સાબરકાંઠાની આદિવાસી વસ્તી અને તેની લોકવિરાસત એમ અનેક વિવિધતાઓ આ વિસ્તાર ધરાવે છે. વિશ્વની સૌથી જૂની પર્વતમાળા કે જે સૃષ્ટિ અને પૃથ્વીનાં ઉદ્ભવ સાથે ઉદ્ભવેલી છે તે અગ્નિકૃત પ્રકારની અરવલ્લીની પર્વતમાળા આવેલી છે. આ ભૌગોલિક વિરાસતની સાથે આ વિસ્તારમાં આદિવાસી વસ્તી, આંજણા, ચૌધરી, દેશી મારવાડી અને પાટણવાડીયા રબારી, ડુંગરી ગરાસિયા, કડવા અને લેઉવા પાટીદારો, ક્ષત્રિયો અને અન્ય અનેક જ્ઞાતિગત વારસો પણ આપણને જોવા મળે છે.

આપણે ઉત્તર ગુજરાતના શિલ્પ-સ્થાપત્યનું સાહિત્યમાં કઈ રીતે નિરૂપણ થયું છે એ વાત જોઈએ તો જણાશે કે ઘણાં બધા ગ્રંથોમાં સમયના પરિવર્તનની સાથે ઉત્તર ગુજરાતમાં કેવા શિલ્પ-સ્થાપત્યો હતા અને તે અત્યારના સમયે કેવી અવસ્થામાં છે, તેની શૈલી કેવા પ્રકારની છે, કેટલા અંશે નાશ પામ્યા છે એ તમામ જાણકારી મળે છે. એમાં મેં 'ગુજરાતને મળેલ શિલ્પ-સ્થાપત્યનો વારસો', 'તીર્થભૂમિ ગુજરાત', 'પાટણની શ્રી અને સંસ્કૃતિ', 'શિલ્પ સમીપે' નામે ચાર ગ્રંથો લીધા છે.

'ગુજરાતને મળેલ શિલ્પ-સ્થાપત્યનો વારસો' પુસ્તકમાં ગુજરાતના પ્રારંભ કાળના શિલ્પ-સ્થાપત્યો, પ્રાક્ સોલંકી કાળના શિલ્પ-સ્થાપત્યો અને ઈસ્લામ કાળના શિલ્પ-સ્થાપત્યોની વાત જુદાં જુદાં પ્રદેશો મુજબ એકબીજા સાથે સરખાવીને કરવામાં આવી છે. ઉત્તર ગુજરાતના વિસ્તારોના શિલ્પ-સ્થાપત્યોમાં આ ગ્રંથમાં સાબરકાંઠાના દેવની મોરીની આજુબાજુના તથા બેબાર અને દધાલિયા પાસેના તળાવોની વાત તેમજ ઉત્તર ગુજરાતમાં દેવમાલની પૂર્વમાં આવેલા પ્રાક્ સોલંકી યુગના તળાવ અને તેની ઉપર આવેલ પાલિની દેવીના મંદિરની વાત કરી છે. આ પ્રકારના તળાવને બાંધવાની શૈલીને બલુચિસ્તાન શૈલીની સાથે સરખાવી છે. તે ઉપરાંત તે સમયના સ્તૂપોની વાત તેમજ નાની મોટી ગુફાઓની વાત કરવામાં આવી છે પરંતુ સ્તૂપો અને ગુફાઓ ગુજરાતના અન્ય વિસ્તારો કરતા ઉત્તર ગુજરાતમાં ઓછી જોવા મળે

છે એ વાત પણ નોંધવી રહે. આ ગ્રંથમાં થાનમાંના મંદિર અને રોડાના મંદિરને વડનગરના આમથેર માતાના મંદિરની સાથે સરખાવતાં સમાન શૈલીના અંશો દર્શાવ્યા છે. તેમજ વઢવાણના રાણકદેવીના મંદિરની આગવી વિશેષતાઓ દર્શાવી છે. તે ઉપરાંત મંદિરની માતૃકાઓનાં શિલ્પોના સુરેખ અંકન, મુખમુદ્રા, કંબુગ્રીવા આદિ જૂની શૈલીના અંશોની વાત, ડીસા પાસેથી મળેલા ત્રિભંગમાં ઊભેલી માતૃકાઓના શિવના શિલ્પોની કોટયર્કની  માતૃકા શિલ્પ સાથેના સામ્યની વાત કરી છે.આ ગ્રંથમાં જણાવ્યાં મુજબ સોલંકીઓની સત્તા ઉત્તર ગુજરાતમાં મોટેભાગે સ્થિર હોઈ તેમના યુગના ઘણા અવશેષો ઉત્તર ગુજરાતમાં મળે છે. આ પુસ્તક કદમાં નાનું હોવાથી તેમાં મોઢેરા, દેલમાલ, સુણક, તારંગા, આબુ જેવા અનેક સ્થળોના સંપૂર્ણલક્ષી વર્ણન મળતાં નથી. પણ તેમના વિશેની પ્રાથમિક માહિતી જ મળે છે. આ નાનકડા પુસ્તકમાં એમ જોવા જઈએ તો તે સમયના શિલ્પ સ્થાપત્યના ફોટા સાથેની માહિતી આપેલ છે. સોલંકી યુગના શિલ્પોને  સુશોભન માટે બનાવેલા શિલ્પો અને ધાર્મિક શિલ્પો એવા બે ભાગ પાડી તેની વાત કરવામાં આવી છે.

'તીર્થભૂમિ ગુજરાત' ગ્રંથમાં રઘુવીર ચૌધરીએ ઉત્તર ગુજરાતના મોઢેરા, સધરાવનો રુદ્રમાળ એટલે કે સિદ્ધપુરનો રુદ્રમાળ, સહસ્ત્રલિંગ તળાવ, પાટણની વિસ્તૃત માહિતી આપી છે. તે ઉપરાંત 'રુદ્રમહાલ' નવલકથા લખતી વખતે પાટણ અને સિદ્ધપુરની મુલાકાત લીધી હતી તે સમયે સરસ્વતી નદી અત્યારે જેટલી છીછરી નહોતી તેની પણ વાત તેઓ નોંધે છે. તે એ ઉપરાંત મોઢેરાના સૂર્યમંદિરના રામકુંડ,કીર્તિ-તોરણ, સભામંડપ, ગૂઢમંડપ, ગર્ભગૃહ, વગેરેની ચર્ચા આ ગ્રંથમાં કરવામાં આવી છે. સિદ્ધપુરનો રુદ્રમાળ સધરાવના રુદ્રમાળ તરીકે કેમ ઓળખાય છે, તેની સાથે જોડાયેલી દંતકથાઓની વિગતો દર્શાવી રઘુવીર ચૌધરીએ આ રુદ્રમાળ કેટલો ઐતિહાસિક છે તેની માહિતી ભાવકો સુધી પહોંચાડે છે. તે ઉપરાંત તેના અવશેષો, પાટની લંબાઈ, પહોળાઈ, ગર્ભગૃહ, સ્તંભો વગેરેની માહિતી આપી છે. રઘુવીર ચૌધરી આ પુસ્તકમાં કહે છે કે" તમે મોઢેરા, પાટણ, સિધ્ધપુર, આબુ કુંભારિયા, વડનગર ફરી આવો બે દિવસનું કામ છે સોલંકી યુગના શિલ્પ-સ્થાપત્યની એક ઝાંખી જરૂર થશે." તેમજ ૧૦૦૮ શિવ મંદિર, ૧૦૮ દેવીમંદિર અને દશાવતારના મંદિર હોવાની વાત તેમજ એના કાંઠે સૂર્ય, ગણેશ, કાર્તિક વગેરેની દેરીઓની વાત, સરોવરના મુખ્ય માર્ગની આગળ ભવ્ય કીર્તિ તોરણ(આ કીર્તિતોરણના કેટલાંક ટુકડા પાટણના કેટલાંક ઘરો તથા મસ્જિદમાં જોડાયેલા મળી આવ્યા છે) તેની વાત અને આ નહેર તથા સરોવરની વચ્ચે ત્રણ રુદ્રકૂપ (નાગધરા)ની રચના હતી. તે ઉપરાંત તેમાંથી કેવી રીતે આગળ પાણી પ્રવેશતું એ સમગ્ર માહિતી આપણને આ ગ્રંથમાં સર્જકે આપી છે. રાણકી વાવની વાત આ પુસ્તકમાં નથી પરંતુ એક લોકોક્તિ સર્જક આ પ્રમાણે જણાવે છેઃ

" રાણકી વાવ ને દામોદર કૂવો,

ના જોયો એ જીવતો મૂઓ.

'પાટણની શ્રી અને સંસ્કૃતિ' ગ્રંથ આઠ વિભાગમાં વહેંચાયેલ છે જે આ પ્રમાણે છેઃ રાણકીવાવ, સહસ્ત્રલિંગ સરોવર, શ્રી પંપાસરા પાર્શ્વનાથ જિનાલય, શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર, પાટણનાં વિશ્વવિખ્યાત પટોળાં, પાટણનો કાષ્ટકલા વૈભવ, પાટણના શીલાલેખો, ફોટોગ્રાફ યાને તસ્વીરોમાં પાટણ દર્શન. આમ પાટણનાં વિવિધ પાસાઓને સ્પર્શતો આ ગ્રંથ પાટણની સમૃદ્ધિ અને એની સંસ્કૃતિનું દર્શન કરાવતો વિસ્તૃત ગ્રંથ છે. આ ગ્રંથમાં જુદાં-જુદાં લેખકો દ્વારા ૧૪ વિષયોમાં રાણીની વાવનું ઝીણવટ ભર્યું વર્ણન કરવામાં આવ્યું છે. આ ગ્રંથમાં 'દામોદર કૂવા'ની વાત, 'રાણકીવાવ' કેમ બાંધવામાં આવી હતી તેનો ઉપયોગ, તેના સૌંદર્ય જેવા તમામ  મુદ્દાઓ આપણું ધ્યાન ખેંચે છે. તે ઉપરાંત બીજી પાટણમાં આવેલી અન્ય વાવ વિશે તેમજ સહસ્ત્રલિંગ તળાવ અને તેની આસપાસ આવેલા ૧૦૦૦ શિવાલયો વગેરેની માહિતી મળે છે. તે ઉપરાંત પાટણના જૈન મંદિરોમાં આવેલા કાષ્ટ શિલ્પોની સમગ્ર માહિતી આપવામાં આવી છે. ૫૦૩ પૃષ્ઠના આ ગ્રંથમાં પાટણના શિલ્પ સ્થાપત્યોની વિસ્તૃત માહિતી મળી રહે છે.

'શિલ્પ સમીપે' ગ્રંથમાં મોઢેરા સૂર્યમંદિર, શ્રધ્ધાનું કેન્દ્રસ્થાન-અંબાજી, શ્રીસ્થળ રુદ્રમાળ સિદ્ધપુર, રાણકી વાવની વાત કરવામાં આવી છે. ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યના તીર્થ સ્થાપત્યની વાત પણ આ ગ્રંથમાં આપણને મળે છે. મોઢેરાનું સૂર્ય મંદિર કેટલા વિભાગોમાં વહેંચાયેલું છે તેની માહિતી, મૂર્તિ વિશેની વિગતોનો સમાવેશ જોવા મળે છે. અંબાજી મંદિરની વાત લોકકથાઓ સાથે સાંકળીને કરી છે. તેમાં તેના શિખર, ગર્ભગૃહ, મંડપ, યજ્ઞશાળાની માહિતી આપેલ છે. રુદ્રમહાલ સાથે બિંદુ સરોવરની વાત પણ આવરી લેવામાં આવી છે. ૨૦૦૧ના ધરતીકંપ અને તુફાનો વચ્ચે પણ અડીખમ ઊભી છે તેવી રાણકી વાવની કોતરણી અને શૈલીને તમામ પાસાઓ દ્વારા કનુસૂચકે આ ગ્રંથમાં મૂલવી છે.

આ ચાર ગ્રંથોમાં ઉત્તર ગુજરાતના જે સ્થાપત્યની વાત કરવામાં આવી છે એ સિવાયના ઘણાં સ્થાપત્યો જેવા કે વાવમાં ઐઠોર ગામે આવેલી અંબાજી માતાની વાવ, બોત્તેર કોઠાની વાવ, મોઢેરામાં આવેલી ધર્મેશ્વરી વાવ, વડનગરમાં આવેલી પંચમ મહેતાની વાવ વગેરે. તેમજ તળાવો, મંદિરો જેમાં ડુંગરોની અંદર આવેલ મુક્તેશ્વર મહાદેવનું મંદિર.(જ્યાં પાંડવોએ વનવાસ દરમ્યાન ત્યાં સમય વિતાવ્યો હતો. લોકવાયકા પ્રમાણે આ મંદિરની સ્થાપના પણ પાંડવો દ્વારા જ કરવામાં આવી છે). દેરીઓ, પાળિયાઓ જેવા સ્થાપત્ય પણ આપણને જોવા મળે છે. જેની વાત કે માહિતી ભલે પુસ્તકોમાં ન મળે પણ આપણે આ બધા શિલ્પ-સ્થાપત્યોને નકારી શકતા નથી.

**તારણો:-**

•'ગુજરાતને મળેલ શિલ્પ-સ્થાપત્યનો વારસો' આ પુસ્તક અન્ય ત્રણ પુસ્તક કરતાં એટલે ચઢિયાતું છે કારણ કે આ ૭૪ પાનાંના નાનકડા પુસ્તકમાં ઉત્તર ગુજરાતમાં આવેલા તળાવો બાંધવાની શૈલીની વાત બલુચિસ્તાનની શૈલીની સાથે સરખાવીને કરવામાં આવી છે. અન્ય પુસ્તકમાં આ રીતે સ્થાપત્યોને શૈલીની સરખામણી કરી મુલવવામા આવ્યાં નથી. સોલંકી યુગના શિલ્પોને સુશોભન માટે બનાવેલા શિલ્પો અને ધાર્મિક શિલ્પો એવા બે પ્રકાર પાડી વાત કરવામાં આવી છે. જ્યારે અન્ય પુસ્તકોમાં આ રીતે શિલ્પ સ્થાપત્યના પ્રકાર પાડી વાત કરવામાં આવી નથી.

• 'તીર્થભૂમિ ગુજરાત' પુસ્તકમાં લોકવાયકાઓ જોડીને ઉત્તર ગુજરાતના શિલ્પ સ્થાપત્યની વાત કરવામાં આવી છે. જ્યારે અન્ય ગ્રંથોમાં લોકવાયકાઓની વાત પ્રમાણમાં ઓછી જોવા મળે છે.

• 'શિલ્પ સમીપે' પુસ્તકમાં પાટણના શિલ્પ-સ્થાપત્યની સીમિત માહિતી આપવામાં આવી છે. જ્યારે 'પાટણની શ્રી અને સંસ્કૃતિ' પુસ્તકમાં પાટણના શિલ્પ-સ્થાપત્યોની સમગ્રલક્ષી માહિતી મળી રહે છે.

**સંદર્ભ સૂચિ**

૧. ગુજરાતને મળેલ શિલ્પ-સ્થાપત્યનો વારસો:- ડૉ.રમણલાલ નાગરજી મહેતા, પ્ર.આ-૧૯૬૮

૨. તીર્થભૂમિ ગુજરાત:- રઘુવીર ચૌધરી, રંગદ્વાર પ્રકાશન, પ્ર.આ-૧૯૯૮

૩. પાટણની શ્રી અને સંસ્કૃતિ:- પ્રા. મુકુન્દભાઈ પ્રહલાદજી બ્રહ્મક્ષત્રિય પ્ર.આ-૨૦૧૦

૪. શિલ્પ સમીપે:- કનુસૂચક, અરુણોદય પ્રકાશન, પ્ર.આ-૨૦૧૫